# શેરીઓમાં વધુ આરામદાયક અનુભૂતિ

**- અરુણ જેટલી**

**વિરોધ પક્ષના નેતા ( રાજ્ય સભા )**

દિલ્હીના મુખ્ય પ્રધાને તેમના પક્ષના સભ્યો સાથે ગૃહ પ્રધાનના નિવાસસ્થાન બહાર ધરણા પર બેસવાનો નિર્ણય લીધો છે. તેઓ એવા ત્રણ પોલીસના સસ્પેન્શન માગણી કરી રહ્યા છે કે જેમણે પોતાની ફરજ નિભાવી ન હતી. આપ પક્ષને સચિવાલય કરતાં શેરીઓમાં ધરણા કરવાનું વધુ આરામદાયક જણાય છે. છેલ્લા ત્રણ સપ્તાહમાં સચિવાલયમાં પક્ષ આત્મવિનાશક સ્થિતિમાં છે.

સમગ્ર દેશમાં આપ પક્ષના સભ્યો પરસ્પર વિરોધાભાસની ભાષા બોલે છે. તે પક્ષમાં શિસ્તનો અભાવ જણાય છે. આપ પક્ષના કેટલાક ટેકેદારોએ આદર્શવાદની તરફેણમાં મતદાન કર્યું હતું. એક આંદોલનનું નેતૃત્વ કરવું અને એક પક્ષ રચના કરીને સરકાર ચલાવવી એ તદ્દન ભિન્ન બાબતો છે. દિલ્હીમાં આપ પાર્ટીના કાયદા પ્રધાને દિલ્હીમાં રહેતા આફ્રિકન નાગરિકો માટે એક ગંભીર સમસ્યા ઊભી કરી છે. તેમનો અભિગમ વાંશિક હોય તેવું લાગે છે . આ પાર્ટી થોડા દિવસોમાં જ પોતાની બિનપરંપરાગત શૈલીનો ભોગ બની છે. ટોળાશાહી નિર્ણયો લઇ ન શકે. તેઓ લોકપ્રિય થઈ શકે. શરૂઆતમાં એવું લાગતું હતું કે દિલ્હીમાં સરકાર રચનાથી આ પાર્ટીને તેના ટેકેદારોનો ઉત્સાહ વધારવામાં ઉપયોગી બનશે.

આજે સરકાર પક્ષની કામગીરી માટે મૂંઝવણકારક બની રહી છે. શું કોંગ્રેસ સાથે તેની

બિનપારદર્શક વ્યવસ્થાને ખોરવી નાખવા ધરણા યોજવામાં આવનાર છે? શું આપ સરકાર બહારનો માર્ગ શોધી શેરીઓમાં આવવાનો વિચાર કરે છે? શું આપ કોંગ્રેસ અને ગૃહ પ્રધાન પર દબાણ લાવવા ધરણા કરે છે?